| GJRJ070002202025 | ફરિયાદ રજૂ થયા તારીખ | ૨૭/૦૧/૨૦૨૫ |
|---|---|---|
| | ફરિયાદ દાખલ તારીખ | ૨૭/૦૧/૨૦૨૫ |
| | ફરિયાદ નિકાલ થયા તારીખ | ૦૨/૦૭/૨૦૨૬ |
| | અવધિ | વર્ષ માસ દિવસ<br>૦૧ ૦૫ ૦૬ |

**મહે.ઉપલેટાના જ્યુડિશિયલ મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ, સાહેબની કોર્ટમાં,**
**જિ.રાજકોટ.**

**ફોજદારી કેસ નંબરઃ૧૯૪/૨૦૨૫.**
**આંક–૨૯**

**ફરિયાદીઃ–** શ્રી સરકાર.

**: : વિરુદ્ધ : :**

**આરોપીઃ–** નિલેશભાઈ હીરાભાઈ બઢ
રહે. બીલડી, તા.કુતીયાણા, જિ.પોરબંદર.

**ગુનોઃ– પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ.**

---

**ફરિયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી જે.એમ.ટાંક.**
**આરોપીપક્ષે વિ.વ.શ્રી બી.એ.જુણેજા.**

---

**: : ચુ કા દો : :**

(૧) **ફરિયાદપક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે,** તા.૧૦/૦૧/૨૦૨૫ ના કલાક ૧૯.૦૦ વાગ્યાના અરસામાં મોજે ઉપલેટા પોરબંદર નેશનલ હાઈવે રોડ શકિત હોટલ પાસે આ કામના આરોપીએ પોતાના કબજામાં ગે.કા. પાસ પરમીટ વગર દેશી દારૂ લી.–૫, કિ.રૂ.૧૦૦૦/– ના મુદ્દામાલ સાથે મળી આવતા, ગુનો કરેલ હોય, **જેથી ફરિયાદીએ સરકાર તરફે ધી પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(એ) મુજબ શિક્ષાને પાત્ર ગુના અંગેની ફરિયાદ દાખલ કરેલી. ત્યારબાદ તપાસ કરનાર અધિકારીએ લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી આરોપી વિરુદ્ધ પુરતો પુરાવો જણાતાં અત્રેની અદાલતમાં ચાર્જશીટ રજૂ કરેલ છે.**

(૨) **ત્યારબાદ સદરહુ ગુના સબબ આરોપીને સમન્સ કાઢતાં,** સદરહુ સમન્સ આરોપીને બજી જતાં આરોપી તેમના વકીલશ્રી મારફતે હાજર

થતાં તેઓને **બી.એન.એસ.એસ.ની કલમ–૨૩૦** અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી. **ત્યારબાદ આ કામના આરોપી સામેના ગુના અંગેનું આંક–૫ થી તહોમતનામું ફરમાવી, આંક–૬ સુધી આરોપીની પ્લી નોંધવામાં આવેલ** જે દરમ્યાન આરોપીઓએ ગુનાની હકીકતનો ઈનકાર કરેલ. જેથી કેસની ઈનસાફી કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૩) **ફરિયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજૂ થયેલ છે.**

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરિયાદી અર્જુનસિંહ ભરતસિંહ જાલાની જુબાની | ૧૨ |
| ૨ | ફરિયાદ | ૧૩ |
| ૩ | પંચ સાહેદ અવેશભાઈ યુનુસભાઈ માવડીયાની જુબાની | ૨૧ |
| ૪ | અટક તથા મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૨૨ |

(૪) **ત્યારબાદ આરોપીનું બી.એન.એસ.એસ.ની કલમ–૩૫૧ અન્વયેનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો જણાતો હોવાથી આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે.** જેમાં તેઓને બચાવ સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવે છે. તેમજ **તેઓ વિશેષમાં જણાવે છે કે, તેઓ સામે ખોટો કેસ કરેલ છે, તેઓ તદન નિર્દોષ છે, તેઓને નિર્દોષ છોડી મુકવા અરજ કરેલ છે.**

(૫) **ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે વિદ્વાન એ.પી.પી.શ્રીની તથા આરોપીપક્ષ તરફે વિદ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળી.**

(૬) **સદરહુ કેસના આખરી નિર્ણય સારૂં મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.**

**મુદ્દા નં.૧ શું ફરિયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે,** તા.૧૦/૦૧/૨૦૨૫ ના કલાક ૧૯.૦૦ વાગ્યાના અરસામાં મોજે ઉપલેટા પોરબંદર નેશનલ હાઈવે રોડ શકિત હોટલ પાસે આ કામના આરોપીએ પોતાના કબજામાં ગે.કા. પાસ પરમીટ વગર દેશી દારૂ લી.–૫, કિ.રૂ.૧૦૦૦/–ના

મુદ્દામાલ સાથે મળી આવતા, **ધી પ્રોહિબિશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?**

**મુદ્દા નં.૨ શું આખરી હુકમ ?**

**(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.**

**મુદ્દા નં.૧ નકારમાં.**

**મુદ્દા નં.૨ આખરી હુકમ મુજબ.**

**//કારણો//**

**(૮) આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે ત્યારે ફોજદારી ન્યાયતંત્રના સિદ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે અને જ્યા સુધી આરોપી સામેનો ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તેઓ નિર્દોષ છે તે રીતે અનુમાન કરવાનુ રહે છે.** વધુમાં, ફરિયાદપક્ષે આરોપી સામે જે આક્ષેપ કરેલ છે તે સાબિત કરવા માંગતા હોય તો સકારાત્મક પુરાવાથી શંકાથી પર સાબિત કરવું જોઈએ. **આરોપી સામે ધી પ્રોહિબિશન એકટની કલમ– ૬૫(એ)(એ) મુજબ મુજબનો આરોપ છે ત્યારે ફરિયાદપક્ષે આરોપી સામે તે મુજબના ગુનાના તત્ત્વો સકારાત્મક પુરાવાથી સાબિત કરવા જોઈએ.**

**(૯) ઉપરોકત રેકર્ડ પરનો પુરાવો જોતાં, આંક–૨૧ થી પંચ સાહેદ અવેશભાઈ ચુનુશભાઈ માવડીયાને સોગંદ પર તપાસવામાં આવેલા છે. તેઓએ તેઓની જુબાનીમાં જણાવેલ છે કે,** પોલીસે તૈયાર પંચનામામાં તેઓને સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેઓને આંક–૨૨ નુ અસલ પંચનામું બતાવવામાં આવેલ તે જોઈને કહે છે કે તેમાં તેઓની સહી છે. જે તેઓએ ઓળખી બતાવેલ. **આમ, સદરહુ પંચ સાહેદ પંચનામાની હકીકતને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતા ન હોઈ વિદ્વાન એ.પી.પી.શ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. આમ, સદરહુ પંચ સાહેદની જુબાની ઉપરથી પંચનામું સાબિત થયેલ માની શકાય નહિ તેમ આ અદાલતનું નમ્રપણે માનવુ છે.**

**(૧૦) ત્યારબાદ સદરહુ કામે ફરિયાદપક્ષ તરફથી સદરહુ કામે ફરિયાદપક્ષ દ્વારા આંક–૧૨ થી ફરિયાદી અર્જુનસિંહ ભરતસિંહ જાલાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં જણાવેલ છે કે,**

"ગઈ તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ અમો તથા પો. સ્ટાફના માણસો ઉપલેટા પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ઉપલેટા ફરતા ફરતા ઉપલેટા નેશનલ હાઈવે રોડ ઉપર મુરખડા પાટીયાથી આગળ શકિત હોટલ પાસે પહોંચતા જાહેરમાં એક ઈસમ પોતાના હાથમાં પ્લા.નુ બાચકુ સાથે શંકાસ્પદ હાલતમા ઉભેલ જોવામા આવેલ જેથી તેની પાસે જઈ પ્લા.બાચકાનુ મોઢુ ખોલાવી જોતા પારદર્શક પ્રવાહી ભરેલ કોથળીઓ જોવા મળેલ તુરત જ બે રાહદારી પંચોને બોલાવી ૧૯.૦૦ વાગ્યે પંચમા બોલાવી પંચો રૂબરૂ મજકુર ઈસમને પોતાનુ નામ ઠામ પુછતા પોતે પોતાનુ નામ નિલેષભાઈ હીરાભાઈ બઢ, રહે. બીજડી, તા.કુતીયાણા, જિ.પોરબંદર વાળો હોવાનુ જણાવેલ. મજકુર પાસેથી મળી આવેલ બાચકામાં જોતા પ્લા. ની મોઢા બાંધેલ નાની મોટી કોથળીઓ પ્રવાહી ભરેલી જોવામા આવેલ જે કોથળીમાં રહેલ પ્રવાહી પંચો રૂબરૂ સુંધી સુંઘાળી જોતા કેફી પ્રવાહીની ખાટી અને તીવ્ર વાસ આવતી હોય તેથી આવુ કેફી પ્રવાહી પોતાના કબ્જામા રાખવા અંગે કોઈ પાસ પરમિટ કે આધાર હોય તો રજુ કરવા જણાવતા મજકુર ઈસમે નહિ હોવાનુ જણાવેલ જેથી સદરહુ કોથળીઓમાંથી આશરે ૨૦૦ એમ. એલ. જેટલુ પ્રવાહી એક કાચની બોટલમા સેમ્પલ તરીકે ભરી પંચનામાની વિગતે બોટલ શીલ કરી જેની કિ. રૂ. ૦૦/– ગણી તપાસ અર્થે કબ્જે કરેલી અને બાકીનુ કેફી પ્રવાહી ભરેલી કોથળીઓ જેમની તેમ બાચકામાં મુકી બાચકામાં રહેલ દેશી દારુ લિ. ૫ કિ.રૂ.૧૦૦૦/– ગણી તપાસ અર્થે કબજે કરેલ અને મજકુર ઈસમને ગુનો પ્રોહી કલમ ૬૫એએ મુજબનો કરેલ હોય પંચનામાની વિગતે કલાક ૧૯.૩૦ વાગ્યે સાથેના પો.હે.કો. પી.જે.રાણાએ ધોરણસર અટક કરેલ. અમોએ શ્રી સરકાર તરફે ફરિયાદ રિપોર્ટ આપેલ. જે અસલ ફરિયાદ મને બતાવવામાં આવે છે જે જોઇને કહુ છુ તેમાં મારી સહી છે, જે હુ ઓળખુ છુ, જે રજુ

દા.આંક–૧૩ આપવામાં આવે છે. આરોપી જોયે ઓળખુ છુ. આરોપી કોર્ટમાં હાજર નથી.”

**(૧૦.૧) આરોપી તરફેની ઊલટતપાસમાં તેઓ એ હકીકત જણાવેલ છે કે,** “એ વાત ખરી છે કે રેડ વારી જગ્યા જાહેર રસ્તો છે ઘણા વાહનોની અવર જવર વાળો વિસ્તાર છે. એ વાત ખરી નથી કે આરોપીના કબ્જા માથી આવો કોઈ મુદ્દામાલ કબ્જે કરેલ નથી. એ વાત ખરી છે કે આરોપીના ગુનાનુ પંચનામુ અમોએ કરેલ છુ. એ પંચનામાને અનુરુપ મે પોલીસ સ્ટેશને જય ફરીયાદ આપેલી. એ વાત ખરી છે કે આ કામે રેડ કરતા પહેલા આ ગુનાનુ પંચનામુ કરનાર અધીકારીએ આ ગુનાને લગત કોઈ પ્રાથમીક પંચનામુ કરેલ નથી. એ વાત ખરી નથી કે આરોપી પાસેથી આવો કોઈ મુદ્દામાલ પકડાયેલ ન હોવા છતા અમો પેટ્રોલીંગમા હોય અને બીન વારસી મુદ્દામાલ મળી આવતા અમારા ઉપલા અધિકારીના હાલના આરોપીના ખોટા પંચનામુને અનુરુ હાલની આ ખોટી ફીરયાદ આપી ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી છે કે મારી ફરીયાદમાં મે કોઇ પંચાના નામ જણાવેલ નથી. એ વાત ખરી નથી કે આરોપીએ આવો કોઇ ગુનો કરેલ ન હોવા છતા કામગીરી દર્શાવવા માટે ખોટી ફરીયાદ કરી ખોટી જુબાની આપુ છુ.”

**(૧૧) આમ, ફરિયાદપક્ષે રજૂ થયેલ તમામ પુરાવાઓને ધ્યાનમાં લેતાં, આ કામે આંક–૧૨ થી ફરિયાદી અર્જુનસિંહ ભરતસિંહ જાલાને સોગંદ પર તપાસવામાં આવેલ છે. તેઓએ તેઓની સરતપાસમાં ફરિયાદની હકીકતોને સમર્થન આપેલ છે. પરંતુ આરોપી તરફે લેવાયેલ ઊલટતપાસમાં તેઓએ એ હકીકત સ્વીકારેલ છે કે,** રેડવાળી જગ્યા જાહેર રસ્તો છે ઘણા વાહનોની અવર જવર વાળો વિસ્તાર છે, આરોપીના ગુનાનુ પંચનામુ તેઓએ કરેલ છે, એ પંચનામાને અનુરૂપ તેઓએ પો.સ્ટે. જઇ ફરિયાદ આપેલી, આ કામે રેડ કરતા પહેલા આ ગુનાનુ પંચનામુ કરનાર અધિકારીએ આ ગુનાને લગત કોઇ પ્રા.પંચનામુ કરેલ નથી, તેઓની ફરિયાદમાં તેઓએ કોઇ પંચના નામ જણાવેલ નથી. **આમ, ફરિયાદી તેમની ફરિયાદ હકીકતને સંપૂર્ણપણે સમર્થનકારક હકીકત તેમની ઊલટતપાસમાં જણાવતા નથી. તેથી**

**તેઓની જુબાની પર આધાર રાખી આ કામના આરોપીને આક્ષેપિત ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય નહિ.**

(૧૨) **આમ ઉપર કરેલ ચર્ચા તેમજ રેકર્ડ પર રજૂ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ તથા પંચ સાહેદ તથા ફરિયાદી તથા સાહેદો તથા તપાસ કરનાર અમલદારની જુબાની ધ્યાને લેતાં, ફરિયાદપક્ષ દ્વારા** આ કામના આરોપીએ પોતાના કબજામાં ગેરકાયદેસર પાસ પરમીટ કે આધાર વગર દેશી દારૂ લી.૫ કિં.રૂ.૧૦૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવતાં, ગુનો કરેલ હોય, **તેવો કોઈ સ્પષ્ટ અને સચોટ પુરાવો રજૂ થયેલ ન હોય, આવા સંજોગોમાં આરોપીને ધી ગુજરાત પ્રોહિબિશન એક્ટની કલમ- ૬૫(એ)(એ) ના ગુના સબબ તકસીરવાર ઠરાવી શકાય તેમ નથી. જેથી સદરહુ કામે મુદ્દા નં.૧નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.૨ના જવાબ તરીકે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.**

<u>//હુકમ//</u>

- આથી આ કામના આરોપી નિલેશભાઈ હિરાભાઈ બઢ, રહે. બીલડી, તા.કુતીયાણા, જિ.પોરબંદરનાઓને **બી.એન.એસ.એસ.ની કલમ- ૨૭૧(૧)** અન્વયે તેઓની સામેનો ઉપલેટા પોલીસ સ્ટેશન પાર્ટ-સી ગુના રજિસ્ટર નં.૦૦૩૩/૨૦૨૫, ધી પ્રોહિબિશન એકટની કલમ- ૬૫(એ)(એ) મુજબના ગુનામાંથી શંકાનો લાભ છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

- **બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૧** હેઠળ આરોપીને એવો હુકમ કરવામાં આવે છે કે, આજથી છ માસ સુધીમાં તેઓને નામદાર સેશન્સ કોર્ટ, ધોરાજી અગર નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ રજૂ થવા આદેશ આપવામાં આવે તો તેઓએ હાજર રહેવા અંગે અત્રેની કોર્ટમાં આરોપીએ રૂા.૧૦,૦૦૦/-(અંકે રૂપિયા દસ હજાર પુરા)ના સદ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવા.

- સદરહુ કામે કબજે કરવામાં આવેલ પ્રોહિબિશન અંગેના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નિયમાનુસાર નાશ કરવાનો હુકમ કરવામાં

આવે છે. તેમજ આ કામે અન્ય કોઈ મુદ્દામાલ અંગે વચગાળાનો હુકમ હોય તો તે કાયમી કરવાનો અને વિકલ્પે મુદ્દામાલ તરીકે કોઇ ચીજવસ્તુ કે દસ્તાવેજો અથવા વાહન કબજે કરવામાં આવેલ હોય તો અપિલ સમય વિત્યા બાદ ચીજવસ્તુ કે દસ્તાવેજ જે વ્યકિત પાસેથી કબજે લીધેલ છે તેને પરત કરવા અને વાહન નોંધાયેલ માલિકને પરત કરવા.

**સદરહુ હુકમ આજરોજ તારીખઃ૦૨, માહેઃજુલાઇ, સનેઃ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

**તારીખઃ ૦૨/૦૭/૨૦૨૬.**
**મુકામઃ ઉપલેટા.**

**(પ્રિયાબેન પ્રકાશચંદ્ર કાલા)**
**જ્યુડી.મૅજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ,**
**ઉપલેટા.**
**UIC-GJ01761**

Typed by:- A.J.Solanki,
Gujarati Stenographer Grade-3.